# સ્પિરીચ્યુઅલ ઈગ્નાઈટ યુથ

અંક-૯

"જેઓને યહોવાનાં મંદિરમાં રોપવામાં આવેલા છે,તેઓ આપણા ઈશ્વરનાં આંગણામાં ખીલી રહેશે ,તેઓ ઘડપણમાં પણ ફળદાયક થશે તેઓ રસે ભરેલા તથા લીલા રહેશે."

– ગીતશાસ્ત્ર ૯૨:૧૨-૧૪



# સ્પિરિચ્યુઅલ ઈગ્નાઈટ યુથ

- ખ્રિસ્તી જુવાનો માટેનું અજોડ સામાયિક

# અનુક્રમણિકા


૧. તંત્રીની કલમે :-

૨.ઈગ્નાઈટ બાઈબલ ક્વિઝ :-

૩. કેશલેસ ઈકોનોમી અને ૬૬૬ :-

૪. ઈગ્નાઈટ બાઈબલ મનન :-

૫. હાલ કરારકોશ ક્યાં છે ? :-

૬. સબંધોનું બેલેન્સિંગ :-

૭. ગીતો-સ્તોત્રો-આત્મિક ગાયનો :-

# ૧. તંત્રીની કલમે :-

## ખ્રિસ્ત ઈસુમાં પ્રેમી સલામ ,

ખ્રિસ્તમાં વ્હાલા ઈગ્નાઈટ મિત્રો ,આજે આપની ૧૦મી પ્રાર્થના સાંકળ ચાલી રહી છે અને આ સમયે ચોક્કસ રીતે આ લેખ હું લખી રહ્યો છું.પ્રથમ લોકડાઉન થી લઈને આજ સુધી પ્રાર્થના સાંકળમાં ભાગ લેનાર દરેક પ્રાર્થના યોદ્ધાઓનો અમે આભાર માનીયે છીએ,બીજાઓ માટે છીંડામાં ઉભા રહી મધ્યથી કરવાનું આપણે ઈબ્રાહિમ પાસેથી શીખી શકીએ.જયારે દેવ સદોમ-ગમોરાહનો નાશ કરવાના હોય છે ત્યારે ઈબ્રાહિમ દેવ સાથે મધ્યસ્થી કરે છે.આ લાહવો કંઈક અલગ જ છે.આપણી પ્રાર્થનાઓ નિરર્થક ગઈ નથી ,આપણે જે જે વિનંતીઓ પ્રભુની આગળ કરી છે એ ખરેખર સુગંધીદાર ધૂપ સમાન દેવની વેદી આગળ માન્ય અર્પણ થઈ છે.તે સમય ની સંપૂર્ણતાએ એક મોટું પરિણામ લાવનાર છે.

ઈગ્નાઈટ યુથ તરીકે ખાસ ઓનલાઈન તેમજ સ્થાનિક લાઇબ્રરીની વ્યવસ્થા કરવાનો એક વિચાર પ્રભુએ અમારા મનમાં મુકયો છે. ઈગ્નાઈટ સેન્ટર બેડકુવા ખાતે કેટલાક આત્મિક પુસ્તકો,સ્ટડી બાઈબલો તેમજ અન્ય ઘણી બધી આત્મિક સામગ્રીઓને ભેગી કરવામાં આવી છે. જ્યાં આપ મુલાકાત લઇ શકો છો,“સારા પુસ્તકો એક શિક્ષક ની ગરજ સારે છે”,જો આપ સ્થાનિક પુસ્તકાલય સુધી પહોચી શકતા નથી તો આપ ઓનલાઈન લાઈબ્રેરી નો ઉપયોગ કરી શકો છો.જેને માટે આપે ગુગલ ક્લાસરૂમ એપ પોતાનાં મોબાઈલ માં ઇન્સ્ટોલ કરવી પડશે.આ લાઈબ્રેરી વિષે વિગતવાર માહિતી નીચે મુજબનાં લેખમાં છે.

ઈગ્નાઈટ યુથ તરીકે બીજી એક ઓનલાઈન સેવા ની શરૂઆત કરી છે,પ્રભુનાં મહાન સેવકો જેવાકે બિલી-ગ્રેહામ,કેથરીન કુલ્હેમેન,ચાર્લ્સ ફિન્ની,ડી.એલ.મૂડી ,જોઈસ મેયર,બેની હિન્ન વગેરે જેવા સેવકો એ ઘણા બધા આત્મિક કથનો કહ્યા જે ખરેખર પ્રેરણાદાયી છે.આ આત્મિક કથનો રોજ રોજ આપના વોટસેપ નંબર પર આપ મેળવી શકો છો.જેને માટે ઈગ્નાઈટ યુથનાં ઓફિસિયલ નંબર 8849297460 પર આપનું નામ/મોબાઈલ નંબર મોકલીને જણાવશો.

આ દિવસોમાં શત્રુ પણ ઈન્ટરનેટ દ્વારા લોકોને ફસાવી રહ્યો છે અને નાશમાં લઇ જઈ રહ્યો છે તો આપણે પણ શત્રુની સામે ઓનલાઈન સેવાઓ પૂરી પાડી નાશમાં જતા આત્માઓ ને બચાવી શકીએ છીએ.અને ઘણા બધા લોકોને આત્મિક ઉત્તેજન પૂરું પાડી શકીએ છીએ.તો આપ પણ આ ઓનલાઈન સેવાઓનો લાભ લેશો અને તમારા બીજા ખ્રિસ્તી મિત્રોને પણ આ બાબતની જાણ કરશો .આપની પાસેથી અમે ફકત આપની પ્રાર્થનાઓ ને લવાજમ રૂપે માંગી લઈએ છીએ.અને આપ જો આ મેગેઝિન ને અન્યો સુધી પહોચાડશો ચોક્કસ રીતે આપ પણ આશીર્વાદિત થશો અને બીજાઓ પણ આશીર્વાદિત થશે.

## બાઈબલ ક્વિઝ ( પ્રેરિતોને કૃત્યો )

(જો તમે આ ક્વિઝનાં બધા સાચા જવાબો 8980253048 પર મોકલી આપશો તો તમારું નામ આવતા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.નામ,ગામનું નામ,જન્મતારીખ સાથે *સાચા જવાબો સંદર્ભ સહિત* વોટસએપ/SMS કરશો તા.૧૦.૧૦.૨૦૨૦ સુધી મોકલી આપશો.)

1. પાફસમાં રહેનાર દંભી જાદુગર કે જેને પ્રભુ દવારા કેટલીક મુદત સુધી આંધળો કરી દેવામાં આવ્યો, આ કામ જોઈને કોણે પ્રભુ પર વિશ્વાસ કર્યો?

(A) બર્યેસુ (A) પાઉલ

(C) અલિમાસ (D) સર્ગિયુસ પાઉલ

2. ઈસ્ત્રાએલી પ્રજાને કેટલા વર્ષ સુધી કનાન દેશ વતન તરીકે તેમને આપવામાં આવ્યો હતો?

(A) ચાળીસેક વર્ષ (B) ચારસો પચાસ વર્ષ

(C) પચાસ વર્ષ (D) ચારસો વર્ષ

3. લુસ્ત્રાના લોકોએ કહ્યું "માણસનું રૂપ લઈને દેવો આપણી મધ્યે ઉતરી આવ્યા છે" આ શબ્દો કઈ ભાષામાં બોલવામાં આવ્યા છે?

(A) ગ્રીક (B) હિબ્રુ

(C) અરામી (D) લુકોનિયાની ભાષા

4. પાઉલ તથા બાર્નાબાસ વચ્ચે તકરાર થઈ તેનું કારણ કયો વ્યક્તિ હતો?

(A) યાકૂબ (B) માર્ક

(C) સિલાષ (D) શિમયોન

5. રોમનોએ વસાવેલા કયા શેહરમાં લૂદિયા નામની સ્ત્રી તથા તેના ઘરનાએ પાઉલના હાથે બાપ્તિસમા લીધું?

(A) મકદોનિયા (B) સમોથ્રાકી

(C) સિલાસ (D) ફિલીપ્પી

6. એક જુવાન દાસી કે જેને અગમસૂચકનો આત્મા વળગ્યો હતો તે પાઉલ તથા તેના શિષ્યોને શું કહેતી હતી? (A) તારણનો માર્ગ પ્રગટ કરનારા

(B) દેવદૂતો

(C) શક્તિશાળી પુરૂષો

(D) ભવિષ્યવક્તાઓ

7. પાઉલ અને સિલાસ બંદીખાનામાં હતા તે જ રાત્રીએ કયા પરિવારે પ્રભુ પર વિશ્વાસ કર્યો?

(A) જેલના કેદીઓમાંના એકનું પરિવાર

(B) જેલના દરોગાનું પરિવાર

(C) રોમી અધિકારીઓનું પરિવાર

(D) જેલના સિપાહીનું પરિવાર

૮. તેને _______ નો આવાજ ઓળખીને _____ ને લીધે બારણું ન ઉઘાડતા અંદર જઈ ને કહ્યું કે ,______ બારણા આગળ ઉભો છે.

(A) સિલાસ,હર્ષ,તિમોથી (B) યાકુબ,હર્ષ,યાકુબ

(C) પાઉલ,આનંદ,શાઉલ (D) પિત્તર ,હર્ષ,પિત્તર

૯. _______ કૃપાથી તથા _____ થી ભરપૂર હતો ,તેણે લોકોમાં મોટા અદભૂત કામો તથા ચમત્કારો કર્યા.

(A) પિત્તર,આત્મા (B) યોહાન,સામર્થ્ય

(C) સ્તેફન,સામર્થ્ય (D) પાઉલ,આત્મા

૧૦. પ્રભુનો હાથ તેઓની સાથે હતો,અને ઘણા માણસો _____ કરીને ______ તરફ વળ્યા.

(A) પ્રેમ,પ્રભુ (B) દયા,પ્રભુ

(C) આજ્ઞા માનીને,પ્રભુ (D)વિશ્વાસ,પ્રભુ

(અંક-૮ નાં સાચા જવાબો આપનારની યાદી છેલ્લા પેજ પર)

Spiritual Ignite Youth (C) Copyright (10 September 2020) All Rights Reserved


Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૩. કેશલેસ ઈકોનોમી અને ૬૬૬ અંક :-

**[ શાસ્ત્રવાંચન: પ્રકટીકરણ ૧૩ : ૧૬ થી ૧૮ ]**

***૧૬.વળી નાના તથા મોટા,ધનવાન તથા દરિદ્રી,સ્વતંત્ર તથા દાસ,તે સર્વની પાસે તેઓના જમણા હાથ પર અથવા તેઓના કપાળ પર તે છાપ લેવરાવે છે;***

***૧૭.વળી જેને તે છાપ,એટલે શ્વાપદનું નામ,અથવા તેના નામની સંખ્યા હોય,તે વગર બીજા કોઈથી કંઈ વેચાયલેવાય નહિ,એવી પણ તે ફરજ પાડે છે.***

***૧૮.આમાં ચાતુર્ય [રહેલું] છે.જેને બુદ્ધિ છે,તે શ્વાપદની સંખ્યા ગણે;કેમકે તે એક માણસ[ના નામ] ની સંખ્યા છે:અને તેની સંખ્યા છસો છાસઠ છે.***

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સમાચાર પત્રના અંક તા.૧ ડીસેમ્બર ૨૦૧૬ દ્વારા જણાવવામાં આવેલ છે કે ,આગામી દિવસોમાં ૧૨ ડીજીટનો આધાર નંબર બધાજ પ્રકારના નાણાકીય વ્યહવારોને માટે આવી શકે છે,સરકાર આધાર કાર્ડ આધારિત વ્યહવારોને સમર્થન આપી રહ્યું છે,અને આધાર કાર્ડ ને આધારિત નાણાકીય વ્યહવારો એ ભારત ને રૂપિયા/નોટ વિનાનું કેશલેશ(નાણા વિનાની) અર્થવ્યવસ્થા તરફ દોરી લઇ જવા માટેનું એક પગલું છે.નીતિ આયોગ દ્વારા ,આપણા દેશમાં બધા જ નાણાકીય વ્યહવારો ડીજીટલ કરવાની રણનીતિ તૈયાર થઇ ગઈ છે.

અજય પાંડે જે UIDAI ના ડિરેક્ટર જનરલ છે તેમણે જણાવેલ છે કે આધારકાર્ડ -આધારિત વ્યહવારો દરમિયાન કોઈ કાર્ડ અને પીન નંબર ની જરૂરિયાત રહશે નહિ.અને એન્ડ્રોઇડ મોબાઈલ ફોન ધારકોને આધાર કાર્ડ દ્વારા ફિંગરપ્રિન્ટ/ઈરીસ ઓથેન્ટિકેશન દ્વારા નાણાકીય વ્યહવારો શક્ય બનશે.NITI Aayog CEO અમિતાભ કાન્ત દ્વારા એ પણ જણાવવામા આવ્યું છે કે તેને સફળ બનાવવા માટે જુદી જુદી દેશની વ્યવસ્થાઓ જેવી કે મોબાઈલ નું ઉત્પાદન કરતી કંપનીઓ,અને બેન્કો,તેમજ દેશની સરકાર એ અલગ અલગ દિશાઓમાં કાર્ય કરવાનું શરુ કરી દીધેલ છે.તેઓએ ભારતમા મોબાઈલનું ઉત્પાદન કરતી કંપનીઓ ને દરેક મોબાઈલમાં ફિંગરપ્રિન્ટ/ઈરીસ ઓળખાણ ની સિસ્ટમ ફીટ કરવા માટે જણાવેલ છે જેથી આધારકાર્ડ આધારિત વ્યહવારો શક્ય બની શકે. અમિતાભ કાન્ત એ ચીફ મીનીસ્ટર ની કમિટીના સભ્ય છે અને એમણે આધારકાર્ડ આધારિત ડીજીટલ પેમેન્ટ ને અગામી વર્ષમાં શક્ય બનાવવા માટેનો કાર્યક્રમ તૈયાર કરેલ છે.

## આધારકાર્ડ માં કઈ કઈ માહિતી છે?

**તમારા ચહેરાનો ફોટો ,તમારા હાથોની ફિંગરપ્રિન્ટ ,તમારી આંખોની કીકી ની માહિતી અને તમે કઈ જગ્યાએ રહો છો તે સ્થળની માહિતી.દરેક નાગરિકની બધીજ અંગત માહિતી આધાર કાર્ડ દવારા સરકારશ્રી પાસે આવી ગયેલ છે.નાના બાળકથી માંડીને દરેક વૃદ્ધ વ્યક્તિ માટે આધાર કાર્ડ જરૂરી બની ગયેલ છે.**

પ્રકટીકરણમાં આપેલી ભવિષ્યવાણીઓ ના પૂરી થવા માટેના બધાજ માર્ગો ખુલી ગયા છે કેમકે ,આપણી અર્થવ્યવસ્થાઓ (નાણાકીય લેવડ-દેવડ) કેશલેસ થવા માટેની શરૂઆત થઇ ચુકી છે અને આવનારા ભવિષ્યમાં આપણી ઈકોનોમી (અર્થવ્યવસ્થા) પુરેપુરી કેશલેશ થઇ જાય તેમાં કોઈ શંકા નથી.સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી કેટલીક માહિતીઓ અને સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા કેટલાક કાયદાઓ દ્વારા બાઈબલની ભવિષ્યવાણી પૂરી થવા માટેના પુરેપુરા માર્ગો ખુલી ગયા છે.

Spiritual Ignite Youth (C) Copyright (10 September 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૩. કેશલેસ ઈકોનોમી અને ૬૬૬ અંક :-

ભારતીય રાષ્ટ્રીય ભુગતાન નિગમ (National Payment Corporation Of India) એ આધાર કાર્ડ દ્વારા લેવડ-દેવડ માટેની વ્યવસ્થાઓ કરેલી છે,આધારકાર્ડ આધારિત વ્યવસ્થાઓ માં ઘણી બધી બાબતો નો સમાવેશ થાય છે.તેમાં વ્યક્તિએ ફક્ત ત્રણ ઈનપુટ આપવા પડશે.

- IIN (Identifying the Bank to which the customer is associated) (ગ્રાહક જે બેંક સાથે સંકળાયેલો હોય તે બેંક)
- Aadhaar Number (આધાર કાર્ડ નંબર)
- Fingerprint captured during their enrolment (તમારા હાથોના ફિંગરપ્રિન્ટ)

ભારતીય રાષ્ટ્રીય ભુગતાન નિગમ દ્વારા આધાર કાર્ડ દ્વારા કેવી રીતે લેવડ-દેવડ કરી શકાય તેની વિડીઓ જોવા અહીં ક્લિક કરો.

***આમાં ચાતુર્ય [રહેલું] છે.જેને બુદ્ધિ છે,તે શ્વાપદની સંખ્યા ગણે;કેમકે તે એક માણસ[ના નામ] ની સંખ્યા છે:અને તેની સંખ્યા છસો છાસઠ છે.***

આધાર નંબર ના ડીજીટ ની સંખ્યા ૧ ૨ છે ,એને બે ભાગમાં છૂટી પાડીએ તો ૬ (શરૂઆતના ૬ અંક ) અને ૬ (પછીના ૬ અંક) એમ ૬,૬ માં વિભાજન કરી શકાય ,જેવી રીતે દરેક દેશ માટે યુનિક Country Code હોય છે તેવીજ રીતે જયારે એક વિશ્વ મહાસત્તા આવશે ત્યારે આજ આધાર નંબર એ શ્વાપદની સંખ્યા બની જશે..

**{ દેશનો યુનિક કોડ } {આધાર નંબરના પ્રથમ ૬ અંક } {આધાર નંબરના પછીના ૬ અંક }**


આધાર નંબર હાલમાં શ્વાપદ ની સંખ્યા નથી પણ તે આવનાર દિવસોમાં તેનુ રૂપાંતર શ્વાપદ ની સંખ્યામાં થઈ શકે છે.

***વિજ્ઞાન અને ટેકનોલોજી એટલું બધું પ્રગતિ કરી રહ્યું છે કે ,આજે નવી શોધાયેલી ટેકનોલોજી આવતી કાલે જૂની થઇ જાય છે ,ગત ૫-૬ વર્ષો પહેલા સ્માર્ટફોન અમુક લોકો પાસે જ જોવા મળતા પણ આજે જુઓ શહેરના એક માલેતુજાર થી લઈને ગામડાના જુવાનો પાસે એટલે નાનાથી મોટા બધાજ વ્યક્તિઓ પાસે સ્માર્ટફોન આવી ગયા છે.***

***એવી જ રીતે આપણને આપેલો એક યુનિક નંબર આવનાર દિવસોમાં ટેકનોલોજીને આધારે એક ચીપ માં રૂપાંતર થઈ શકે છે.ફોર્બ્સ મેગેઝીન દ્વારા RFID Chip ની ટેકનોલોજી વિશેના સંશોધનની માહિતી તેમના મેગેઝીનમાં પ્રસિદ્ધ કરી હતી તે મુજબ તે ચીપચોખાના દાણા જેટલી સુક્ષ્મ છે.જે માનવીય શરીરો માં તેનું પ્રત્યારોપણ કરી શકાય છે.મનુષ્યની હાથની આંગળી અને અંગુઠા વચ્ચેના ભાગમાં RFID Chip ને પ્રત્યાપિત કરી શકાય છે.***

**Spiritual Ignite Youth (C) Copyright (10 September 2020) All Rights Reserved**
**Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com**

# ૩. કેશલેસ ઈકોનોમી અને ૬૬૬ અંક :-





ચોખાનાં દાણા જેટલા કદની RFID Mircochip



RFID Mircochip ની રચના

RFID Mircochip માં ડેટા(માહિતી) સાચવી શકે તેમજ સીગ્નલ આપી શકે /મોકલી શકે તેવું એન્ટીના જેવા ઉપકરણો નો સમાવેશ થાય છે.


Spiritual Ignite Youth (C) Copyright (10 September 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૩. કેશલેસ ઈકોનોમી અને ૬૬૬ અંક :-




મનુષ્ય શરીરમાં RFID Mircochip પ્રત્યારોપણ કરવા માટેની સિરીંજ





**એક એવો યુનિક નંબર જેના વગર તમને સરકારી કોઈ પણ લાભ ન મળે.**

**૧. તેના વિના,રેશનનું અનાજમળતું બંધ થશે.**

**૨. તેના વિના દવા મળતી બંધ થશે.**

**૩. તેના વિના સોશિયલ મીડિયા નો ઉપયોગ બંધ થશે.**

**૪. તેના વિના સરકારની આર્થિક સહાય મળતી બંધ થશે.**

**૫. તેના વિના એમ્પલોય ની પેન્શન સ્કીમ બંધ થશે.**

**૬. તેના વિના ઓનલાઈન ટ્રેન ટીકીટ બુકિંગ થશે નહિ.**

Spiritual Ignite Youth (C) Copyright (10 September 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

## સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થયેલી કેટલીક બાબતો :

### ૧. રાજ્ય સરકારની આર્થિક સહાયની તમામ યોજનાઓ માટે આધાર અનિવાર્ય

Bhaskar News, Gandhinagar | Feb 12, 2017, 11:05 AM IST

ગાંધીનગર:કેન્દ્ર સરકારની જેમ હવે ગુજરાત સરકાર પણ રાજ્યની તમામ સરકારી યોજનાઓ માટે આધાર કાર્ડ ફરજિયાત કરવા જઇ રહી છે. આગામી વિધાનસભામાં આ માટેનું વિધેયક રજૂ કરાશે. સબસિડી અને આર્થિક સહાયની તમામ યોજનાઓ માટે આધાર કાર્ડ ફરજિયાત બનાવાશે સાથે બેન્કીંગ વ્યવહારો અને પગાર-પેન્શન માટે પણ આધાર સીડિંગ ફરજિયાત બનશે. ગત વર્ષે કેન્દ્ર સરકારે આધાર બિલને મનીબિલ તરીકે લોકસભામાં પસાર કર્યું હતું. જેના પગલે કેન્દ્ર સરકારની મહત્તમ યોજનાઓ આધાર સાથે જોડાઇ છે, હવે આ જ પ્રકારે ગુજરાત સરકારની યોજનાઓ માટે રાજ્ય સરકાર વિધાનસભામાં આધાર બિલ રજૂ કરવા જઇ રહી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.રાજ્યમાં 91 ટકા લોકો આધાર કાર્ડ ધરાવે છે તેવો રાજ્ય સરકારે દાવો કર્યો છે, છતાં જે લોકો પાસે આધાર કાર્ડ નથી તેમને સરકારી લાભ મળતો અટકે નહીં તેવો વિકલ્પ પણ ખુલ્લો રખાશે. આધાર બિલમાં જાહેર વિતરણ વ્યવસ્થા સહિત વિવિધ યોજનાઓ માટે જોગવાઇ ઉપરાંત આધાર કાર્ડના ડેટાની સલામતિ અંગે પણ જોગવાઇ થશે. બાયોમેટ્રીક અને બેન્ક એકાઉન્ટ સહિતની માહિતી લીક કરવા સામે કાયદાકીય પગલાં લેવાની જોગવાઇ કાયદામાં કરાશે.

### ૨. ભારતમાં સેકન્ડ્સમાં ડિજિટલ પેમેન્ટ, USએ શીખવા જેવું: વોશિંગ્ટન પોસ્ટ

divyabhaskar.com | Jan 24, 2017, 15:49 PM IST

વોશિંગ્ટનઃ કેશલેસ ઇકોનોમી તરફ ભારતે ઉપાડેલા પગલાંથી અમેરિકા ઘણું શીખી શકે છે. આ વાત ધ વોશિંગ્ટન પોસ્ટ ન્યૂઝપેપરના ઓપન એડિટોરિયલમાં લખવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, ભારતની યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (UPI) અત્યંત ઝડપી છે. બિટકોઇનમાં 10 મિનિટ લાગે છે, પરંતુ UPI થકી ગણતરીની સેકન્ડ્સમાં ટ્રાન્ઝેક્શન થઇ જાય છે. ભારતે એવી ફાઇનાન્શિયલ ટેક્નોલોજી ડેવલપ કરી છે, ચીનની દીવાલની જેમ યાદગાર બની જશે. અમેરિકા ભારતના આ પગલાં પરથી ઘણું શીખી શકે છે.

### બિટકોઇનથી આગળ નીકળી જશે ભારતની UPI

- ધ વોશિંગ્ટન પોસ્ટમાં સિલિકોન વેલીના એક્સપર્ટ વિવેક વાધવાએ લખેલા આર્ટિકલ અનુસાર, ભારતે એક ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યું છે. જેમાં અબજો ટ્રાન્ઝેક્શન થશે, જે બિટકોઇનથી ઘણા વધુ છે.
- ઉલ્લેખનીય છે કે, બિટકોઇન ઓપન પેમેન્ટ નેટવર્ક છે. તેનો ઉપયોગ ગ્લોબલ પેમેન્ટ માટે કરવામાં આવે છે. જો કે, ભારતમાં RBI અથવા કોઇ રેગ્યુલેટરે તેને મંજૂરી નથી આપી.
- વોશિંગ્ટન પોસ્ટના એડિટોરિયલમાં ભારતીય મૂળના વાધવાએ આગળ લખ્યું કે, ભારત ફાઇનાન્શિયલ ટેક્નોલોજીના મામલામાં બે જનરેશન આગળ નીકળી જશે અને ચીનની દીવાલ અને અમેરિકાના ઇન્ટરસ્ટેટ હાઇવેની જેમ યાદગાર બની જશે.

### ભારત આવી રીતે નીકળી રહ્યું છે આગળ

- આર્ટિકલમાં લખ્યું છે કે, ભારતની યુનિફાઇડ પેમેન્ટ સિસ્ટમ (UPI) એ બિલિંગ પ્રોસેસથી મુક્તિ અપાવી દીધી છે. જેમાં ક્રેડિટ કાર્ડ પેમેન્ટની જેમ ટ્રાન્ઝેક્શન કોસ્ટ નહીં લાગે.
- તે સિવાય અહીં ટ્રાન્ઝેક્શન ગણતરીની સેકન્ડ્સમાં થાય છે. જે બિટકોઇનની 10 મિનિટની સરખામણી અત્યંત ફાસ્ટ છે.
- આર્ટિકલમાં ભારતના અન્ય એક ઇનોવેશન ઇન્ડિયા સ્ટેકની પ્રશંસા કરવામાં આવી.
- ઉલ્લેખનીય છે કે, ઇન્ડિયા સ્ટેકમાં સિક્યોર્ડ અને કનેક્ટેડ સિસ્ટમની એક સીરિઝ છે. જેનાથી પર્સનલ ડેટા, ઇમ્પ્લોયમેન્ટ રેકોર્ડ્ઝ, ટેક્સ ફાઇલિંગ્સને શેર કરી શકાય છે. અહીં ડોક્યુમેન્ટ્સ પર ડિજિટલ સાઇન પણ કરી શકાય છે.

Spiritual Ignite Youth (C) Copyright (10 September 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

**નોટબંધીની પ્રશંસા**

- તેમાં લખ્યું છે કે, આ સાહસિક પગલું હતું, જેનો લોંગ ટર્મ બેનિફિટ મળવાનું નક્કી છે. કારણ કે, આ ડિજિટલ કરન્સી અને ઇન્ડિયન ઇકોનોમીને આગળ વધારશે.
- આપણ કેશલેસ સોસાયટી બનવા માટે તૈયાર નથી, પરંતુ ઘણી વસ્તુઓ છે જે સિલિકોન વેલી અને અમેરિકા ડેવલપિંગ વર્લ્ડથી શીખી શકાય છે.
- ઉલ્લેખનીય છે કે, વાધવા સિલિકોન વેલીની કાર્નેગી મેલન એન્જિનિયરિંગ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. તેઓ ડ્યૂકમાં સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશિપ એન્ડ રિસર્ચ કમર્શિયલાઇઝેશનમાં રિસર્ચ ડાયરેક્ટર પણ છે.

### ૩. સરકારનું પગલું: હવે આધાર વિના તમે નિરાધાર, રેશનનું અનાજ નહીં મળે

Agency, New Delhi | Feb 10, 2017, 01:22 AM IST

જાહેર વિતરણ પ્રણાલી (PDS)માં કાળાબજાર અને લીકેજને રોકવા માટે આ પગલું ઉઠાવાયું છે. સરકાર અનાજ સસ્તું આપવાની જગ્યાએ સબસિડીની રકમ સીધી ખાતામાં ટ્રાન્સફર કરવાની કવાયતમાં લાગેલી છે. ખાદ્ય અને ગ્રાહક બાબતોના વિભાગે 8 ફેબ્રુઆરીએ આધારકાર્ડને ફરજિયાત કરવાનું જાહેરનામું બહાર પાડી દીધું છે. આસામ, મેઘાલય, જમ્મુ-કાશ્મીર સહિત તમામ રાજ્યોમાં તે લાગુ થઇ ગયું છે. રાજ્યોને આધારકાર્ડને રેશનકાર્ડ સાથે લિન્ક કરવાની પ્રક્રિયા તેજ કરવા કહેવાયું છે.

એક લાખ 45 કરોડથી વધુ છે અનાજ સબસિડી

- ખાદ્ય સુરશ્રા કાયદા હેઠળ સબસિડી તરીકે નાણાવર્ષ 2017-18માં 1,45,338.60 કરોડ ખર્ચાશે. આ વર્ષે 1,35,172.96 કરોડનું બજેટ હતું.
- 81.34 કરોડ લોકો નવેમ્બર 2016 સુધી ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ કવર હતા. રેશનકાર્ડમાં નોંધાયેલ દરેક વ્યક્તિને મહિને 5 કિલો અનાજ અપાય છે.
- 72 ટકા રેશનકાર્ડ આધાર સાથે જોડાયા છે. ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ 23 કરોડ રેશનકાર્ડ છે. જેમાં 16.62 કરોડ આધાર સાથે લિન્ક છે.
- દેશભરમાં સસ્તા અનાજની 5.27 લાખ દુકાનો છે. તેમાંથી લગભગ 27 હજાર પર કેશલેસ લેવડ-દેવડની સવલત છે. તમામ દુકાનોથી દર મહિને લગભગ 46 લાખ ટન અનાજનું વિતરણ થાય છે.
- હાલ ચંદીગઢ, પુડુચેરી અને દાદરા અને નગર હવેલીમાં રેશનની સબસિડી સીધી ખાતામાં ટ્રાન્સફર થાય છે.

## 4. Aadhar card will now be mandatory for creating a Facebook Account :Govt

**New Delhi**: Days after news broke that center government has announced that children will not be served mid-day meals at school without Aadhar cards, it turns out Government now plans to make Aadhar Card compulsory to create a Facebook profile in India. The Ministry of Information and Broadcasting has issued an official notification in this regard.

## No Aadhar, No Facebook

This was decided after the officials took 'the rising amount of fake accounts' into consideration. Just like fake currency, government wants to eradicate fake online profiles as well.

**Spiritual Ignite Youth (C) Copyright (10 September 2020) All Rights Reserved**
**Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com**

http://www.fakingnews.firstpost.com/india/aadhar-card-will-now-mandatory-creating-facebook-account-govt-19683

## 5.अब दवा खरीदने के लिए दिखाना होगा आधार कार्ड!

hindi.moneycontrol.com
**Updated:** March 7, 2017, 6:02 PM IST

आधार कार्ड अब जरूरी होता जा रहा है, हो सकता है कि बहुत जल्द दवा खरीदने के लिए भी आपको आधार दिखाना पड़े. सरकार ने नकली, बिना मानक वाली दवाओं और फर्जी तरीके से चल रही केमिस्ट की दुकानों पर लगाम लगाने के लिए यह प्रस्ताव तैयार किया है.
सूत्रों के मुताबिक पिछले हफ्ते स्वास्थ्य मंत्रालय में ऑनलाइन मेडिसिन पॉलिसी को लेकर एक महत्वपूर्ण बैठक हुई. इस बैठक में यह तय किया गया है कि सरकार नकली दवाओं, बिना फार्मासिस्ट के चल रही केमिस्ट दुकानों और दवाओं के दुरुपयोग को रोकने के लिए आधार को हथियार बनाएगी. मगर इस प्रस्ताव पर फार्मासिस्ट एसोसिएशन और केमिस्ट शॉप एसोसिएशन बंटा हुआ नजर आ रहा है.
http://hindi.news18.com/news/nation/adhaar-card-will-be-mendatory-to-buy-medicines-956166.html

સરકાર આધાર અને પેમેન્ટ બેન્કને કરશે લીન્ક, કેશલેશ સોસાયટી માટે આ છે પ્લાન Moneyhaskar | January 26, 2017, 04:07PM IST...

Read more at: http://money.divyabhaskar.co.in/news/BIZ-PF-PFB-government-may-introduce-the-nee-aadhar-based-payment-system-for-payment-banks-5514102-PH.html?ref=cppst

નવી દિલ્હીઃ સરકાર આધાર અને પેમેન્ટ બેન્ક દ્વારા ગામડાઓ સુધી ડિજિટલ ટ્રાન્ઝેકશનનો વિસ્તાર કરી શકે છે. આ માટે બંને માટે એક ઈન્ટરઓપરેબલ પેમેન્ટ સિસ્ટમ તૈયાર કરવામાં આવશે. જેનાથી ગામડાઓ...

નવી દિલ્હીઃ નોટબંધી પછી જે રીતે કેન્દ્ર સરકાર ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપી રહી છે. તેમાં આધાર એક મહત્વનો રોલ નિભાવી રહ્યું છે. એટલું જ નહીં આધાર બેઝ્ડ ટ્રાન્ઝેક્શન કેશથી લઇને...

Read more at: http://money.divyabhaskar.co.in/news/BIZ-PF-PFB-aadhar-based-payment-is-more-safe-than-any-form-of-payment-system-5501570-PHO.html?ref=cppst

સવાલ- હવે આધાર આધારિત ભીમ એપ લોન્ચ કરી દેવામાં આવી છે. જે સામાન્ય માણસને કેશલેસ ટ્રાન્ઝેક્શન માટે પ્રેરિત કરશે. જવાબ- ભીમ એપ દ્વારા આમ થવું ઘણું જ સરળ રહેશે. જે આધાર...

Read more at: http://money.divyabhaskar.co.in/news/BIZ-PF-PFB-aadhar-based-payment-is-more-safe-than-any-form-of-payment-system-5501570-PHO.html?ref=cppst

Spiritual Ignite Youth (C) Copyright (10 September 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# શું તમે ખ્રિસ્ત ઇસુ સાથે જવા માટે તૈયાર છો ?

આપણે ઘણા બધા સમાચારો વાંચીએ છીએ,રાજકીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ તેમજ કુદારતી આફતો જેવીકે ધરતીકંપો,સુનામીઓ,દુકાળો,સતાવણીઓ વગેરે થતા જોઈએ છીએ, તેમજ આપણે આવનારી કેશલેસ ઈકોનોમી વિષે પણ જોયું.પણ બાઈબલ કહે છે કે એ બધા દુ:ખોનો આરંભ જ છે.

માત્થી ૨૪:૬-૮ : અને લડાઈઓ તથા લડાઈઓની અફવા તમારા સાંભળવામાં આવશે;પણ જોજો,ગભરાતા ના,કેમકે એ બધું થવાની અગત્ય છે,પણ તેટલે થી અંત નહિ આવે.કેમકે પ્રજા પ્રજા ની વિરુદ્ધ,તથા રાજ્ય રાજ્યની વિરૃદ્ધ ઊઠશે,દુકાળો તથા મરકીઓ તથા ઠેકાણે ઠેકાણે ધરતીકંપ થશે.પણ એ બધા તો દુ:ખો નો આરંભ જ છે.

શું આપણે ઇસુ ખ્રિસ્તને પોતાનું જીવન સોપ્યું છે:શું આપણે તારણ (ઉદ્ધાર) પામ્યા છીએ :જો આજે જ પ્રભુ ઇસુ આવે તો તેમની સાથે જવા માટે આપણે તૈયાર છીએ :જો આપણે નવો જન્મ નથી પામ્યા તો આજે જ પોતાનું જીવન ઇસુ ખ્રિસ્તને સમર્પિત કરો,આજે જ ઇસુ ખ્રિસ્તને પોતાના અંગત તારણહાર તરીકે સ્વીકારો,ઇસુ તમારા માટેજ વિલંભ કરી રહ્યા છે.

જો તમે ઈસુ ખ્રિસ્તને પોતાના વ્યક્તિગત પ્રભુ તરીકે સ્વીકારવા માંગોછો તો આ પ્રમાણે પ્રાર્થના કરો.

હે ઈશ્વરપિતા તમારો આભાર માનું છું,હું પાપી વ્યક્તિ છું મને મારા પાપોની માફી આપો,કેમકે તમે તમારો એકાકીજનિત દીકરો ઇસુ ખ્રિસ્ત અમારા બચાવને માટે આપી દીધો,હે ઇસુ પ્રભુ તમે મારા પાપો વધસ્તંભ પર જડાઈને દુર કર્યા છે અને મને અનંતજીવન આપ્યું છે માટે આભાર ઇસુ મારા જીવનમાં આવો અને રાજ કરો.આમીન

Spiritual Ignite Youth (C) Copyright (10 September 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૪. ઈગ્નાઈટ બાઈબલ મનન :-

## “જાગતા રહો અને પ્રાર્થના કરો”

**ખ્રિસ્ત ઈસુમાં પ્રેમી સલામ,**

**આ મહામારીનાં સમયમાં ચોક્કસ રીતે આપણે દેવનાં આગમનને માટે મોટી તૈયારી કરવાની આપણને જરૂર છે. પ્રભુનું આગમન ખૂબ જ નજીક છે. ત્યારે આપણી વ્યક્તિગત પ્રાર્થનાઓને મજબૂત કરીને આત્મિક તૈયારીઓ કરવાનો આ સમય છે.**

**દેવનું વચન એમ કહે છે કે, “ જાગતા રહો પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન પડો.” અત્યાર સુધી આપણે દશ  જેટલી પ્રાર્થના સાંકળનું આયોજન કર્યુ છે. પરંતુ ઘણા બધા જુવાનો હજી પણ ઉંઘમાં છે. જેઓ પ્રાર્થનાની બાબતમાં નિષ્ક્રિય છે., આ દિવસોમાં ખાસ દરેકે પ્રાર્થનાઓની અંદર મજબૂત થવાનું છે.**

**ઈગ્નાઈટ યુથ આ દિવસોમાં પ્રાર્થના અને વચનો મનનની ઝુંબેશ ઉઠાવી રહ્યું છે ત્યારે આ ઝુંબેશમાં ઘણા બધાં જુવાનો જોડાઈ રહ્યા નથી. આત્મિક પ્રવૃતિમાં જોડાવાનો હોશ જતો રહ્યો છે. નીતિવચનમાં લખવામાં આવ્યું છે કે, હજી થોડી નિદ્રા, થોડીક ઊંઘ લેવા દો, થોડીક વાર હાથ વાડીને સૂવા દો. એમ કહેવાથી તારી દરિદ્રતા લૂંટારાની જેમ અને તારી કંગાલાવસ્થા હથિયારબંધ માણસની જેમ આવી પહોંચશે. — નીતિવચન -- 24-33:34**

**પ્રાર્થનાઓ ન કરવાને કારણે “આત્મિક ગરીબી” આવે છે. વ્યક્તિગત પ્રાર્થનાઓ તમે કરતા હશો એ ચાલુ જ રાખવાની છે. પરંતુ દેવનું વચન સભાશિક્ષકમાં એમ કહે છે કે “એક કરતા બે ભલા, કેમ કે તેમની મહેનતનું ફળ તેમને સારૂ મળે છે. માટે પ્રભુનો આત્મા કહી રહ્યો છે કે આ વોટસઅપ ગ્રુપમાં જોડાયેલા દરેક જુવાનો પ્રાર્થના સાંકળમાં જોડાય સાથે સાથે દરરોજનું જે બાઈબલ વચન-મનન છે તે પણ રોજ રોજ વાંચનમાં જોડાય જેથી આપણે પોતાની જાતને દેવના આગમનને માટે તૈયાર કરી શકીએ.**

**માથ્થી 24 પ્રમાણે કલમ 40 થી આગળ “તે વખતે ખેતરમાં બે માણસ હશે, એક લેવામાં આવશે અને બીજો પડતો મુકાશે.” એનો મતલબ શું- અહીં બે માણસ છે. બંને ખેતરનું કામ કરી રહ્યા છે. કદાચ એ નિંદામણનું કાર્ય હોય કે રોપણીનું કાર્ય કરતા હોય, બંને જણ ખેતરનું કાર્ય કરી રહ્યા છે પરંતુ એક વ્યક્તિનાં જીવનમાં પ્રાર્થના અને વચન પણ છે અને એક વ્યક્તિ પોતાનાં ખેતરનાં કામમાં એટલો બધો વ્યસ્ત થઈ ગયો છે કે તેને દેવનાં વચન-પ્રાર્થનાને માટે સમય નથી. અને એમ એક દેવના આગમનને માટે તૈયાર છે અને બીજો દેવનાં વચન પ્રાર્થના પ્રત્યે નિષ્ક્રિય છે માટે જે સક્રિય છે તે લેવાય છે અને નિષ્ક્રિય વ્યક્તિ પડતો મુકાય છે.**

Spiritual Ignite Youth (C) Copyright (18 September 2020) All Rights Reserved



Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૪. ઈગ્નાઈટ બાઈબલ મનન :-



કલમ 41માં કહ્યું છે, તે પ્રમાણે બે સ્ત્રીઓ ઘંટીએ દળતી હશે, એક લેવાશે અને એક પડતી મુકાશે. એનો મતલબ એમ છે કે, ખાસ સ્ત્રીઓ માટે ઘરનું કામ એ એક અગત્યનું કામ છે. દરેક સ્ત્રીઓ પોતાના ઘરનાં કાર્યમાં વ્યસ્ત હોય છે. પરંતુ અહીં આ બંને સ્ત્રીઓ ઘંટીએ દળી રહી છે. મતલબ કે બંને સ્ત્રીઓ પોતાનું ઘરકામ કરી રહી છે. પરંતુ એક સ્ત્રી એવી છે જે પોતાનાં વ્યસ્ત ઘરકામમાંથી પણ દેવના વચન-પ્રાર્થનાને માટે અલગથી સમય કાઢે છે.

લૂક 10- 41 : 42માં આપણે જોઈએ છીએ કે માર્થા — મરિયમ વિશે, માર્થા એ સરભરા કરવામાં ખૂબ જ વ્યસ્ત થઈ જાય છે પરંતુ મરિયમ ખ્રિસ્ત ઈસુના પગ આગળ બેસીને તેમની વાતો સાંભળે છે.એટલે કે વચનો સાંભળે છે અને પ્રભુ ઈસુ કહે છે, પણ એક વાતની જરૂર છે. અને મરિયમ સારો ભાગ પસંદ કર્યો છે કે જે તેની પાસેથી લઈ લેવાશે નહિ. - લૂક — 10 : 42

ફરી આપણે દળનારી સ્ત્રીઓ પાસે આવીએ, એક સ્ત્રી પોતાના ઘરકામમાંથી દેવનાં વચનો-પ્રાર્થનાને માટે દેવનાં ચરણોમાં બેસીને પોતાને અલગ સમય કાઢે અને બીજી પોતાના કાર્યમાં મશગૂલ છે તેથી જ એક સ્ત્રી આત્મિક તૈયારી કરી શકે છે. પરંતુ બીજી તે પ્રમાણે કરી શકતી નથી માટે એક તૈયાર છે અને બીજી તૈયાર નથી ત્યારે દેવ જે તૈયાર છે તેને પોતાની સાથે લઈ લે છે અને બીજી તૈયાર નથી તેને પડતી મૂકે છે.

જો જો મિત્રો, સાવચેત થઈ જજો દુનિયામાં મહામારી આવી ચૂકી છે, ધરતીકંપો થઈ રહ્યા છે યુદ્ધની વાતો સંભળાઈ રહી છે, તીડોના ઝુંડ આક્રમણ કરી રહ્યા છે આ દેવનાં આગમનની નિશાનીઓ છે.

જો તમે પ્રાર્થના અને વચનમાં મજબૂત ન થશો તો પૃથ્વી પર એકલા રહી જવાનો વારો આવી જશે. માટે ચાલો, ઈગ્નાઈટ યુથની સાથે હવે પછી ની પ્રાર્થના સાંકળ તેમજ વચનોનાં મનનમાં જોડાઈ જઈએ અને પોતાના જ વ્યક્તિગત જીવનને દેવના આગમન માટે તૈયાર કરીએ.

Spiritual Ignite Youth (C) Copyright (18 September 2020) All Rights Reserved



Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૫. હાલ કરારકોશ ક્યાં છે ? :-

"ખ્રિસ્તમાં વહાલા મિત્રો ,

જુના કરારમાં આપણે જોઈએ તો જયારે યહોવા દેવ દવારા ઈસ્રાએલીઓ મિસરની ગુલામી માંથી સ્વતંત્ર કરાવવા માટે મુસાની સાથે બળતા ઝાડવા મધ્યે તેડું આપ્યું ત્યારથી માંડીને વચનનાં દેશમાં પહોચતા સુધી યહોવા દેવ અનેક રીતે તેઓએ દોરતા રહ્યા અને અદભૂત ચિહ્નો-ચમત્કાર કરીને તેઓને તેમની હાજરીનો અનુભવ કરાવતા રહ્યા,નિર્ગમનનાં પુસ્તકનાં અંત ભાગમાં જોઈએ તો મુલાકાત મંડપ બનાવવામાં આવ્યો સાથે ઈશ્વરના કરારકોશ ની પણ સ્થાપના થઇ અને તેને પરમપવિત્ર સ્થાનમાં મૂકવામાં આવ્યો. (નિર્ગમન ૪૦) ,જયારે મુસાએ આ સઘળું કાર્ય પૂરું કર્યું ત્યારે મેઘે મુલાકાત મંડપ પર આચ્છાદન કર્યું અને યહોવાના ગૌરવથી મંડપ ભરાઈ ગયો,અને મુસા મુલાકાત મંડપમાં પેસી શક્યો નહિ ,કેમકે મેઘ તેના પર સ્થિર રહ્યો હતો,ને તંબુ યહોવાના ગૌરવ થી ભરપૂર હતો" *હવે આપણે જાણીએ કે, "યહોવાનું ગૌરવ એટલે શું ? " સામાન્ય ભાષામાં આપણે જોઈએ તો "જે ઈશ્વર છે,જે ઈશ્વરમાં રહેલું છે અને જે ઈશ્વર કરે છે" મતલબ કે ઈશ્વરની સંપૂર્ણ સાક્ષાત હાજરી જેને હિબ્રુ ભાષામાં "Shekinah Glory" કહેવાય છે એટલે કે જે મહિમા ઈશ્વરનો સ્વર્ગમાં છે અને જે સ્વરૂપ અને પ્રતિમા સ્વર્ગમાં છે તેજ સ્વરૂપ અને પ્રતિમામાં તેમની સાક્ષાત ઉપસ્થતિ* હવે ઈશ્વર પોતે કરારકોશ મધ્યે થી

ગણના ૧૦:૩૩-૩૬ માં લખ્યું છે તે પ્રમાણે "કોશ ચાલી નીકળતો ત્યારે એમ થતું કે,મુસા કહેતો,"હે યહોવા ઊઠો,ને તમારા શત્રુઓને વિખેરી નાખો ,અને તમારા દવેષકો તમારી આગળથી નાસી જાય." અને જયારે તે થોભતો ત્યારે તે કહેતો,"હે યહોવા ઈસ્રાએલીનાં કરોડો પાસે પાછા આવો."

હવે ઈશ્વર પોતે કરારકોશ મધ્યે થી ઈસ્રાએલીઓને દોરતા હતા ,બોલતા હતા,દર્શન આપતા હતા અને કાર્ય કરતા હતા કરારકોશ ની રચના વિષે આપણે નિર્ગમન ૩૭:૧-૯ માં જોઈ શકીએ છીએ બાવળનાં લાકડાનો કરારકોશ બનાવવામાં બનાવવામાં આવ્યો અને તેણે ચોખ્ખા સોનાથી મઢવામાં આવ્યો,તેની મધ્યભાગે દયાસન બનાવવામાં આવ્યું ,અને તેને બંને છેડે સામસામે મુખ રાખેલા સોનાનાં કરુબોને બનાવવામાં આવ્યા,શરૂઆતમાં કરારકોશ ની પેટીમાં દશ આજ્ઞાની શિલાપાટીઓ મૂકવામાં આવી.



# ૫. હાલ કરારકોશ ક્યાં છે ? :-

દાઉદ રાજાના રાજ્યકાળમાં જયારે કરારકોશને દાઉદનગર માં લઇ જવામાં આવી રહ્યો હતો ત્યારે ,(૨જો શમુએલ ૬) નાખોનનાં ખડા પાસે તેઓ આવ્યા ત્યારે બળદોએ ઠોકર ખાધી અને ઉઝ્ઝાહ કોશને અડક્યો ,ત્યારે ઉઝ્ઝાહ પર યહોવાનો કોપ્ સળગ્યો અને તે મરણ પામ્યો.આમ જુના કરાર માં યહોવાએ કરારકોશ મધ્યેથી ઘણા બધા કર્યા અને પોતાનો મહિમા બતાવ્યો.

પણ હવે એ કરારકોશ ક્યાં છે , ક્યાં છુપાયો છે ?,એ ફીઝીકલ કરારકોશ ક્યાં છે તે જાણવું એટલું અગત્યનું નથી પણ તેના કરતા વધારે અગત્યનું એ છે કે , કરારકોશમાં રહેતા યહોવા પરમેશ્વરની એ ગૌરવી હાજરી હમણા કયા છે ?

પણ એક ઘટનાં ૨૦૨૦ વર્ષ પહેલા બની તે તરફ તમારું ધ્યાન ખેંચવા માંગું છું કે ,"ઈસુ ખ્રિસ્તનું વધસ્તંભ પર મૃત્યુ" જયારે આ ઘટના બની ત્યારે મંદિરનાં પરમપવિત્ર સ્થાન નો પડદો ફાટી ગયો અને પરમપવિત્ર સ્થાનમાં પ્રવેશવાનો માર્ગ ખુલ્લો થયો,આમ *"ઈશ્વરનું સક્ષાત ગૌરવ" માણસમાં આવી ને વસ્યું.*

જે કોઈ વ્યક્તિ યોહાન ૩:૧૬ પર વિશ્વાસ કરે છે તે વ્યક્તિએ ૧લો કરિન્થી ૩:૧૬ પર પણ વિશ્વાસ કરવો રહ્યો કે "તમે દેવનું મંદિર છો અને તમારામાં દેવનો આત્મા વસે છે,એ શું તમે નથી જાણતા ?"

જયારે આપણે ખ્રિસ્ત ઈસુ વિશ્વાસ કરી નવો જન્મ પામીએ છીએ ત્યારે કરારકોશમાં જે ઈશ્વર હતા તેજ ઈશ્વર નો પવિત્રઆત્મા તેના ગૌરવ,મહિમા અને સામર્થ સહિત આપણામાં વસવાને આવે છે" અને તમે જીવતા દેવનું મંદિર બનો છો એટલે કે જે ઈશ્વર ઈબ્રાહીમ,ઈસહાક અને યાકુબનો ઈશ્વર છે તે પોતાના સઘળા ગૌરવ સાથે તમારી અંદર રહે છે.

જે કરારકોશમાંથી ઈશ્વરનું ગૌરવ નીકળી ને તેના શત્રુઓ ને નાશ કરતુ હતું તેજ ગૌરવ તમારામાં છે, જે યહોવાનું ગૌરવ મેઘ દવારા મુલાકાત મંડપમાં આવ્યું અને તેના ગૌરવથી આખો મુલાકાત મંડપ ભરી ગયો કે જેથી મુસા તેમાં પ્રવેશી ન શક્યો તેજ ગૌરવ હમણાં તમારામાં વસે છે,

*"You contains the Glory of God in your Body"*તમે ઈશ્વરનું ગૌરવ તમારી અંદર ધરાવો છો , *"You carry the Living God" like Ark of the Covenent* તમે નવા કરારનાં વિશ્વાસીઓ તરીકે નવો કરાર કોશ છો જે ઈશ્વરની દિવ્ય હાજરી ને પોતાની અંદર લઈને ફરો છો,તમે સામાન્ય વ્યક્તિ નથી ,ખ્રિસ્ત ઈસુ પરના વિશ્વાસ દવારા તમે ઈશ્વરનાં મંદિર બન્યા છો અને જે ઈશ્વરે આકાશગંગાઓ,મહાકાય તારાઓ,સમુદ્ર પહાડો અને સર્વ સૃષ્ટિ બનાવી છે તેજ ઈશ્વરની દિવ્ય હાજરીને તમે તમારી અંદર લઈને ફરો છો.


Spiritual Ignite Youth (C) Copyright (18 September 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૫. હાલ કરારકોશ ક્યાં છે ? :-

તમારા મન ને એ રીતે કેળવો કે ,હું ઈશ્વરનું મંદિર છું અને જીવિત ઈશ્વરની સક્ષાત હાજરીને મારી અંદર લઈને ફરું છું,ખ્રિસ્ત ઈસુ દવારા દેવનો પવિત્ર આત્મા(પિતા-પુત્ર સહિત) મારામાં વસે છે.






"અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે ,ઈશ્વર તમને આશિષ આપો અને આત્મિક રીતે વૃદ્ધિ આપો.સર્વ માન મહિમા આદર ત્રિએક ઈશ્વરને જ હોજો. ".આમીન



એ જ સભાનતા તમને અનેક મુશ્કેલીમાં આવી પડતા રોકશે,તમને દરેક પરિક્ષણ પર જીત અપાવશે ,તમારી અંદર રહેલી ઇશ્વરની હાજરી ને લીધે ઘણા બધાનાં જીવનો બદલાઈ જશે,જયારે તમે તમારી પોતાની ઈચ્છાને મૂકીને જે ઈશ્વર તમારામાં રહેલા છે તેની ઈચ્છા પ્રમાણે કરશો ત્યારે તમારી આખી "life style" બદલાઈ જશે અને તમે ખ્રિસ્તમાં એક વિજયવંત જીવન જીવી શકશો.

આજથી જ શરૂઆત કરો તમારા મનને કેળવવાની કે ,જીવિત પરમેશ્વર  પવિત્ર આત્મા મારફતે  મારામાં રહે છે ,એક વાર અજમાવી તો જુઓ કે દેવ તમારા જીવનમાં કેવા કેવા કાર્ય કરે છે.

# ૬. સબંધોનું બેલેન્સિગ : માતા-પુત્ર-પત્ની:-

માતાના પ્રેમ વિશે કિવએ ગાયું છે કે,

"જનનીની જોડ સખી નહીં જડે રે લોલ"

દુનિયાની અંદર માતા અને તેના સંતાન વચ્ચેનાં પ્રેમને ખૂબ જ શ્રેષ્ઠ પ્રેમ તરીકે ગણવામાં આવ્યો છે. માતા પોતાનાં સંતાનને નવ મહિના સુધી પોતાના પેટમાં રાખે છે અને ત્યારપછી પણ તેનાં પાલન-પોષણ માટેનો ઉછેર માટેનો મોટા ભાગનો સમય તે પોતાના બચ્ચા પાછળ વ્યતિત કરે છે. પ્રાણી હોય કે પક્ષી દરેકમાં એ માતા અને પોતાના સંતાન વચ્ચેનો પ્રેમ ઉત્તમો-ઉત્તમ ગણવામાં આવે છે.

જયારે બાળક ગર્ભાશયમાં હોય છે ત્યારે માતા અને ગર્ભ બાળકની સાથે જોડાયેલી એક ગર્ભનાળ હોય છે. જે માતાના શરીરમાંથી બાળકના ગર્ભનું પોષણ આપે છે. નવ મહિના સુધી આજ ગર્ભનાળ મારફ્તે બાળકનું પોષણ થાય છે અને નવ મહિનાને અંતે જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે એજ ગર્ભનાળને બાળક અને માતાના શરીરને જે જોડે છે તેને કાપી નાખવામાં આવે છે. કારણ કે હવે બાળક એક નવી દુનિયામાં આવે છે. હવે "ગર્ભનાળ" મારફ્ત બાળકનું પોષણ શક્ય નથી. હવેથી માતાએ તેનું પોષણ પોતાના દૂધ મારફ્ત કરવુ પડે છે.

અને જ્યાં સુધી બાળક ધાવણ ન છોડે ત્યાં સુધી તે પોતાની માતાની સાથે એક ધાવણ એટલે કે દૂધનાં સંબંધમાં રહે છે.

બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તે ખોરાક લેતું થાય છે અને ત્યારપછી ભારે ખોરાક આમ ધીરે ધીરે પરિપક્વ થઈ જાય છે ત્યારે તે એક પુખ્ત પુરૂષ બને છે.

જેમ જેમ બાળક મોટું થાય છે તેમ તેમ તેનાં માતા સાથેના એ સંબંધમાં ફેરફાર થાય છે અને ધીમે ધીમે એ સંબંધ પરિપક્વ બને છે. "ગર્ભનાળનો સંબંધ બદલાઈને ધાવણનો સંબંધ અને ધાવણનો સંબંધ બદલાઈને ખોરાકનો સંબંધ અને ત્યારપછી ભારે ખોરાકનો સંબંધ એમ આ સંબંધોમાં પણ પરિપક્વતા આવે છે. પ્રશ્ન એવા સમયે ઉદભવે છે જ્યારે માતા-પુત્રનાં સંબંધમાં પરિપકવતા આવતી નથી."

એક સમય એવો આવે છે જ્યારે માતાનો દીકરો એક પરિપકવ પુરૂષ બનીને એક સ્ત્રીને પરણે છે અને પોતાની પત્ની કરી લઈને પોતાના ઘરે લાવે છે. આ સમયે દીકરો એક નવા સંબંધ સાથે જોડાય છે. પતિ તરીકેના સંબંધમાં, એક નવી જવાબદારી નવો સંબંધ સંબંધમાં મજબુતાઈ અને પરિપક્વતા ત્યારે જ આવે જ્યારે એ સંબંધને માટે સમય ફાળવવામાં આવે તેમજ સમજણપૂર્વક એ સંબંધને નિભાવવામાં આવે.

જ્યારે દીકરો લગ્ન કરીને પત્નીને ઘરે લાવે છે ત્યારે પહેલા જેટલો સમય તે માતા-પિતાની સાથે ગાળતો હતો તે સમયમાંથી કાપ મૂકીને તે પોતાની પત્નીની સાથે સમય ગાળે છે.

પણ આ સમયે માનવીય જુનો સ્વભાવ જે આદમનો સ્વભાવ છે તે પ્રમાણે દીકરાની માતાને એવો અહેસાસ થાય છે કે હવે મારો દીકરો મારા કરતા વધારે સમય પોતાની પત્નીને આપે છે.

શૈતાન દીકરાની માતા અથવા પત્નીનાં મનમાં એક અસંતોષ તેમજ ઈર્ષાનું કડવું બીજ નાખે છે અને આમ એક દૃદવ યુદ્ધનું નિર્માણ કરવાને માટે માહોલ તૈયાર થાય છે.

દીકરાનાં મનમાં માતા પ્રત્યેનો પ્રેમ ઓછો થયો નથી. પરંતુ માતા-પત્નીનાં મનમાં એ અસંતોષ ઊભો થયો છે. તેથી તેની વહુ/સાંસુ ની સાથે તેના મનમાં એક ધૃણા ઉત્પન્ન થાય છે.

દીકરાને તેની માતા તેની વહુ વિશેની ફરિયાદ કરે છે અને વહુ તેની માતા વિશેની ફરિયાદ તેના પતિને કરે છે.

દીકરાની એક તરફ માતા છે અને એક તરફ પત્ની છે બંને વ્યક્તિઓને તે સરખો જ પ્રેમ કરે છે પરંતુ તે સાબિત કરવામાં તે નિષ્ફળ જાય છે આ સમયે સંબંધો વચ્ચેનું બેલેન્સીંગ જરૂરી છે. નહિતર આ સંબંધો તૂટવા માટેની ભયજનક સ્થિતિનું નિર્માણ થાય છે આ સમયે પોતાના માતા-પિતા એટલે જન્મદાતાની સાથે પણ સમજદારીપૂર્વક વ્યવહાર કરવાની જરૂર છે.

તેમજ પત્ની પોતાનું ઘર-કુટુંબ અને સંબંધીઓને છોડીને એ પતિની સાથે હંમેશાને માટે આવી છે તેને પણ સમજવાની જરૂર છે.

ખ્રિસ્તી કુટુંબોમાં પણ વારંવાર આ પ્રશ્નોને લીધે કજિયા-કંકાસ, છૂટાછેડાઓ ઝગડાઓ ઉદભવે છે પણ આ સમયે આપણા મદદગાર તેમજ સલાહકાર પવિત્ર આત્મા દેવની સલાહ લેવાની જરૂર છે.

પવિત્ર-આત્મા એ સમજણશક્તિ આપનાર આત્મા છે સંબંધોને કઈ રીતે બેલેન્સ કરવા તે પણ તે આપણને શીખવે છે. ઘણી બધી વાર ગેરસમજણને કારણે પોતાના માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે તેમજ માતા-પિતાથી સંબંધ તોડીને પતિ-પત્નીઓ અલગ થઈ જતા હોય છે. પવિત્ર આત્મા પ્રેમ તેમજ ઐક્યતાના આત્મા છે તે ચાહે છે કે આપણા સંબંધોમાં પારદર્શકતા તેમજ સમજણ આવે પવિત્રઆત્મા ઈચ્છે છે કે તમે પોતાના માતા-પિતા સાથેનાં સંબંધમાં પણ ચોખ્ખા અને સમજણપૂર્વક રહો અને પોતાની પત્ની સાથેના સંબંધમાં પણ સમજણપૂર્વક રહો.

લોકડાઉનનાં "આત્મિક રીતે ડાઉન" થઈ ગયેલા જીવનોમાં શેતાન એક પુરુષને પોતાની પત્નીથી અલગ કરી દેવા અને માતા-પિતાથી છૂટા કરી દઈને કુટુંબમાં ફૂંટ પાડવા માટે પ્રયત્ન કરી રહ્યો હોય ત્યારે આ પુરૂષે પ્રાર્થનાઓમાં મજબૂત થઈને સમજણશક્તિનો આત્મા પ્રાપ્ત કરીને શેતાનની યુક્તિની સામે વિજય પ્રાપ્ત કરવો પડશે.

***દીકરાઓ માટે કેટલીક બાઈબલ ની કલમો :-***

**નીતિવચન ૨૩:૨૨,૨૫ , એફેસીઓને પત્ર ૬:૨**

***પતિઓ માટે કેટલીક બાઈબલ ની કલમો :-***

**એફેસીઓને પત્ર ૫:૨૫,૨૮,૩૩ , કોલોસીને પત્ર ૩:૧૯,૧લો પિત્તર ૩:૭**

***પત્નીઓ માટે કેટલીક બાઈબલની કલમો :-***

**તિતસને પત્ર ૨:૪,૫, એફેસીઓને પત્ર ૫:૩૩ ,નીતિવચન ૧૨:૪, ૧લો પિત્તર ૩:૫**

Spiritual Ignite Youth (C) Copyright (18 September 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૭. ગીતો-સ્તોત્રો-આત્મિક ગાયનો :-

(ગીતશાસ્ત્ર ૯૨:૧૩-૧૪)
યહોવાના મંદિરમાં ,રોપાયેલા અમે રોપા
ઘડપણ માં ફળદાયક,રસે ભરેલા લીલા
ખીલી રહીશું ઇસુ ,તારા આંગણાના રોપા
..... ઘડપણ માં ફળદાયક.....

૧.) જીવન મુસાફરીમાં,જોયા છે સુખ:દુ:ખ ઝાઝા
તેમાં પણ પ્રભુ તારા ,ઉપકારો છે અતિ ઝાઝા
ખીલી રહીશું ઇસુ ,તારા આંગણાના રોપા
ઘડપણ માં ફળદાયક ,રસે ભરેલા લીલા

(યશાયા ૪૬:૪)
૨.) ઠેઠ સુધી પ્રભુ લાવ્યા,ઊંચકીને અમને ચલાવ્યા
અનંતજીવન તે આપ્યું,ધન્ય ધન્ય ઇસુ મારા
ખીલી રહીશું ઇસુ ,તારા આંગણાના રોપા
ઘડપણ માં ફળદાયક ,રસે ભરેલા લીલા

(ગીતશાસ્ત્ર ૭૧:૧૮)
3) આવતી પેઢીને હું ,પ્રભુ તારું બળ જણાવું
સર્વ જનોને તારું , પરાક્રમ હું જણાવું
ખીલી રહીશું ઇસુ ,તારા આંગણાના રોપા
ઘડપણ માં ફળદાયક ,રસે ભરેલા લીલ

(ગીતશાસ્ત્ર ૭૧:૯)
૪) શક્તિ ખૂટે ત્યારે ,બળ તારું મને દેજે
હે પ્રભુ મારા યહોવા,સાથ તું મારી રેજે
ખીલી રહીશું ઇસુ ,તારા આંગણાના રોપા
ઘડપણ માં ફળદાયક ,રસે ભરેલા લીલા

(ગીતશાસ્ત્ર ૨૩:૬)
૫) નિશ્ચે મુજ જીવનનાં ,સર્વ દિવસો પર્યંત
આવશે મારી સાથે તુજ ભલાઈ ને તુજ દયા
સદાકાળ સુધી હું ,યહોવાના ઘરમાં રહીશ
કેમકે અમે છીએ ,તેના મંદિર ના રોપા

યહોવાના મંદિરમાં ,રોપાયેલા અમે રોપા
ખીલી રહીશું ઇસુ ,તારા આંગણાના રોપા
ઘડપણ માં ફળદાયક ,રસે ભરેલા લીલા
ઘડપણ માં ફળદાયક ,રસે ભરેલા લીલા

(ગીત સાંભળવા  અહીં ક્લિક કરો)

मुझे भर देना मुझे भर देना
मुझे भरकर ही भेजना
तेरी आत्मा के अभिषेक से मुझे भर कर ही भेजना(२)

१. ऊँचा शक्ति ,ऊँचा दर्शन,ऊँचा वरदान दे देना
....मुझे भर देना
२. मेरे यीशु मेरे स्वामी ,तेरी अग्नि से भर देना
....मुझे भर देना
३.और भी गहरा डूबना चाहु, आत्मा की तेरी गहराई में
....मुझे भर देना
४. तेरी बुलाहट पूरी करने,शक्ति मुझको दे देना
....मुझे भर देना
५. खेत की भूमि सुखी पड़ी है,आत्मा की ओस बरसा देना
....मुझे भर देना

(ગીત સાંભળવા  અહીં ક્લિક કરો)

# ઈગ્નાઈટ યુથ નું તેડુ:-

## इग्नाईट यूथ का उद्भव :-

स्वर्गीय पिता परमेश्वर,
इन जवानोके मनके अंदर
तूने एक ऐसा दीपक जलाया,
ताकि वो तेरे नामकी महिमा के लिए
ऐसी मीटिंगों का आयोजन करे

## इग्नाईट यूथ का अर्थ :-

🔥Ignite का मतलब है सुलगाना
तूने पवित्र आत्माकी आग, -
इनके अंदर जलाया प्रभुजी
इस लिए धन्यवाद प्रभुजी
इस लिए धन्यवाद प्रभुजी
और हम प्रार्थना करते है ,
ये आग बुझने न पाए
ये आग बुझने न पाए ,
ये आग बुझने न पाए

## इग्नाईट यूथ का दर्शन :-

देश के उद्धार के लिए ( दर्शन-१ );
लोगोके छुटकारे के लिए(दर्शन-२);
कलिसिया के खड़े रहने के लिए (दर्शन-३);
और जवानोके छुटकारे के लिए (दर्शन-४);

## इग्नाईट यूथ का चरित्र :-

दुनिया की आराधना करनेवाले नहीं
पैसे के पीछे भागनेवाले नहीं लेकिन
प्रभुकी प्रजाके समान रहे कर
प्रभु के गवाह ठहरने के लिए

## इग्नाईट यूथ का मसिही जीवन :-

स्वर्गीय पिताजी एक एक पर तेरा अभिषेक भेज
जो इनको देखे वो तुजे देखने पाए
जो इनसे बात करे वो तूजे बात करने पाये
बदल डाल इनके जीवनो को,सोचको,मनसा को
हरेक व्यक्ति तेरे हाथमे बर्तन होने पाये
एक ऐसा पात्र जो इस युगमें
उपयोगी बन जाए परमेश्वर के लिए
फेरो ने पूछा इस युगमें जिसके अंदर
परमेश्वरकी आत्मा है ऐसा व्यक्ति और कौन है?

## इग्नाईट यूथ की खूबी :-
## ( पवित्र आत्मा की आग )

ये तेरी और से ये आग है तो
ये आग बुजने न पाए
दुनिया के पानी ,दुनिया की हवा,
शैतान के पानी,शैतान की हवा,
इस आगको बुजने न पाए ,

Spiritual Ignite Youth (C) Copyright (18 September 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

- "કેટલાક લોકો હિબ્રુમાં બાઈબલ વાંચે છે અને કેટલાક ગ્રીકમાં ,પરંતુ મને પવિત્ર આત્મામાં બાઈબલ વાંચવાનું પસંદ છે."

  - સ્મિથ વિગલ્સવર્થ

## -: અંક-૮ ની બાઈબલ ક્વિઝ નાં સાચા જવાબો :-

૧.(C)-પ્રભુને વળગી રહેવાનો ,

૨.(B)- અપોલોસ,

૩.(C)-અંત્યોખ

૪.(D)- કરીંથ

૫.(C)-સોળ

૬.(D)- તંબુનાં કાપડ વીણવાનો

૭.(B)–રાજાનો મુખ્ય સેવક બલાસ્તસ

૮.(A)- એપીકયુંરી સ્ટોઇક મતનાં

૯.(A)-તેણે પ્રભુને મહિમા આપ્યો નહિ

૧૦.(B)- બરૈયા નાં

## -: અંક-૮ ની બાઈબલ ક્વિઝ નાં સાચા જવાબો આપનારની યાદી :-


૧ . પિંકલબેન ચૌધરી (ધામોદલા)

૨. સરલાબેન ચૌધરી (બાજીપુરા)

**તમારું ક્વિઝનું પરિણામ જોવા અહીં કિલક કરો**

Spiritual Ignite Youth (C) Copyright (18 September 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com




# “ઈગ્નાઈટ પ્રાર્થના સાંકળ-૧૧”

# તા.૨૪.૦૯.૨૦૨૦ ગુરુવાર નાં રોજ

**શું તમે આવનાર પ્રાર્થના સાંકળમાં ભાગ લેવા માંગો છો ,તો ૮૮૪૯૨૯૭૪૬૦ નંબર પર તમારું નામ,ગામનું નામ,મોબાઈલ નંબર,તેમજ તમારો સાનુકુળ સમય મોકલી આપશો,વધુ માહિતી પછીથી મોકલવામાં આવશે, અત્યાર સુધી ઇગ્નાઈટ યુથ દવારા ચાર જેટલી પ્રાર્થના સાંકળનું આયોજન કરવામાં આવેલ છે,અને પ્રભુનો મોટો મહિમા થયેલ છે,જો તમારી કોઈ પણ પ્રાર્થના વિંનતી છે તો તે પણ તમે મોકલી શકો છો,એ વિનંતીઓ માટે પ્રાર્થના કરવામાં આવશે.**

**પ્રાર્થના સાંકળ રાત્રે ૧૨:00 વાગ્યાથી શરુ થશે અને બીજે દિવસે ૧૨:00 વાગ્યા સુધી એમ ૨૪ કલાક સુધીની રહેશે.જે પ્રાર્થના યોદ્ધાઓ જોડાવા માંગે છે તેઓ એ ૨૪ કલાક માંથી પસંદગી નો એક કલાક પોતાના જ ઘરે પ્રાર્થનામાં બેસવાનું રહેશે,અને જયારે**

**પણ પ્રાર્થના માં બેશો ત્યારે પહેલા ઉપરોક્ત નંબર પર “Pray” લખીને SMS અથવા વોટસએપ પર પ્રાર્થનાનું ચિહ્ન મોકલવાનું રહેશે.**

**પ્રાર્થના સાંકળમાં જોડાવા સંપર્ક કરો**

**૮૯૮૦૨૫૩૦૪૮,૮૮૪૯૨૯૭૪૬૦**

## “સ્પિરીચ્યુઅલ ઇગ્નાઈટ યુથ”

**મેગેઝિન નાં રજીસ્ટ્રેશન ની લીંક નીચે આપેલ છે,આ મેગેઝિન ની કોઈ લવાજમ નથી ,તદન મફત છે,ફકત તમારે ફોર્મ ભરવાનું છે. જો આપ આ મેગેઝિન દ્વારા આશીર્વાદિત થયા છો તો તમારી સાક્ષી અને પ્રતિભાવો તમે WHATSUP કરી શકો છો.અને જો પ્રભુ તમને આત્મિક લેખ,સંદેશો,ગીતો (કોઈ પણ ભાષામાં) આપે છે તો તે તમે અમોને ઈમેલ / WHATSUP દ્વારા મોકલી શકો છો.બાઈબલ ક્વિઝનાં ઉત્તરો તમે 8980253048,8849297460 નંબર પર SMS/WHATSUP કરી શકો છો.તમારી પ્રાર્થના વિનંતીઓ પણ તમે મોકલી શકો છો.અમારા પ્રાર્થના યોદ્ધાઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવશે.અમોને પણ આપની પ્રાર્થનાઓ માં ધરી રાખશો.જે તેડુ દેવે અમને આપ્યું છે તે પૂરું કરવા દેવ અમને કૃપા આપે અને તેના પવિત્ર આત્મા દ્વારા અમને ચલાવે. આભાર**

**મેગેઝિન રજીસ્ટ્રેશન માટે અહી ક્લિક કરો**

Instagram/spiritualigniteyouth/

Facebook.com/igniteyouth2018/

Youtube.com/spiritualignite/

W www.spiritualigniteyouth.com

@ spiritualigniteyouth@gmail.com